ક્રમાંકઃ વનમ-૧૪૨૦૧૮-૫૭૩૧-લ
**શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ**
**ગુજરાત સરકાર**
બ્લોક નં. ૧૪, ૯ મો માળ,
સચિવાલય, ગાંધીનગર.
તા. 13 OCT 2020

**પ્રતિ,**
**મુખ્ય કારોબારી અધિકારીશ્રી,**
સુરત શહેરી વિકાસ સત્તામંડળ,
સુરત.

વિષય: સુરત શહેરી વિકાસ સત્તામંડળ(સુડા)ની વિકાસ યોજના-૨૦૩૫ સંદર્ભે તા.૦૮.૧૦.૨૦૨૦ ના આખરી જાહેરનામા બાબત.

શ્રીમાન,

ઉપરોકત વિષયે સુરત શહેરી વિકાસ સત્તામંડળ(સુડા) દ્વારા અધિનિયમની કલમ-૧૬ હેઠળ સરકારશ્રીની મંજુરી અર્થે સાદર કરેલ વિકાસ યોજના-૨૦૩૫ ને સરકારશ્રી દ્વારા તા.૦૮.૧૦.૨૦૨૦થી મંજુર કરવામાં આવેલ છે. સદર વિકાસ યોજના-૨૦૩૫ સદર્ભે સરકારશ્રીના મળેલ આદેશો મુજબ નીચે મુજબની સુચનાઓ બાબતે નિયમોનુસાર, નિયત કરાયેલ સમય મર્યાદામાં કાર્યવાહી કરવા આજ્ઞાનુસાર વિનતી છે.

1. નેશનલ હાઇવે ન. ૮ ની બંને બાજુ એક કી.મી. વિસ્તારમા સુચીત કરાયેલ કામરેજ- પલસાણા કોરીડોરની દરખાસ્ત અને તેને સંલગ્ન નિયંત્રણ નિયમો મંજુર કરવા માટે તાત્કાલીક ૩ માસમા Kamerj- Palsana Corridor-KPC ના વિકાસ માટે SPV ની રચના કરી, નીચે મુજબની કાર્યવાહી કરવી.
   a. કામરેજ- પલસાણા કોરીડોરની જમીનોમાં બેઝ એફ.એસ.આઇ. - ૧.૨ તથા તે ઉપરાંતની મહત્તમ ૪.૦૦ સુધીની એફ.એસ.આઇ. માટે જંત્રીના ૪૦ ટકા મુજબ ચાર્જેબલ આપવા.
   b. કામરેજ- પલસાણા કોરીડોરના સમગ્ર વિસ્તાર માટે ૫૦ ટકા કપાતની મુસદ્દારૂપ નગર રચના યોજના બનાવવા અને સમગ્ર વિસ્તારમા મુસદ્દારૂપ નગર રચના યોજના બન્યા બાદ વિકાસ પરવાનગી આપવા.
   c. મુસદ્દારૂપ નગર રચના યોજના બનાવતી વેળાએ નેશનલ હાઇવેની બંને બાજુએ નેશનલ હાઇવેને સમાંતર ૩૦ મી. અને ૪૫ મી. પહોળા રોડ સુચવવા.
   d. ફાયરની એન.ઓ.સી. મેળવી, સ્ટકચરલ સેફ્ટી માટે થર્ડ પાર્ટી વેરીફીકેશનના આધારે સંકલીત જીડીસીઆરની ઉચાઇની મર્યાદા લાગુ ન કરવા.
   e. કોઇ પણ પ્રકારનો, પ્રદુષણ ઉત્પન્ન કરે તેવો ઉપયોગો આપી શકાશે નહી.
2. હાઇસ્પીડ રેલ્વેની એલાઇનમેન્ટ સુડા વિસ્તારમાં આમેજ કરવા અધિનિયમની કલમ-૧૯ હેઠળ ફેરફાર અંગેની ધારાધોરણસરની દરખાસ્ત સરકારશ્રીને પાઠવવા તેમજ સંબંધિત સક્ષમ અધિકારીશ્રીનો અભિપ્રાય મેળવ્યા બાદ જ આ વિસ્તારમાં વિકાસ પરવાનગી આપવા.
3. હાઇસ્પીડ રેલ કોરીડોરના અંત્રોલી સ્ટેશનની આજુબાજુના વિસ્તારને એચ-નોડ તરીકે વિકાસ કરવા તાત્કાલીક ૩ માસમા High Speed Rail Corridor – CBD – HSR-CBD(hNODE) ના વિકાસ માટે SPV ની રચના કરી, નીચે મુજબની કાર્યવાહી કરવી.

a. High Speed Rail Corridor – CBD – HSR-CBD (hNODE) વાળી જમીનોમાં બેઝ એફ.એસ.આઇ. – ૧.૮ તથા તે ઉપરાંતની મહત્તમ ૫.૪ સુધીની એફ.એસ.આઇ. માટે જંત્રીના ૪૦ ટકા મુજબ ચાર્જેબલ આપવા.

b. High Speed Rail Corridor – CBD – HSR-CBD (hNODE) ના સમગ્ર વિસ્તાર માટે ૫૦ ટકા કપાતની મુસદ્દારૂપ નગર રચના યોજના બનાવવા અને સમગ્ર વિસ્તારમા મુસદ્દારૂપ નગર રચના યોજના બન્યા બાદ વિકાસ પરવાનગી આપવા.

c. ફાયરની એન.ઓ.સી. મેળવી, સ્ટકચરલ સેફટી માટે થર્ડ પાર્ટી વેરીફીકેશનના આધારે સંકલીત જીડીસીઆરની ઉચાઇની મર્યાદા લાગુ ન કરવા.

d. ઔદ્યોગિક સીવાયના અન્ય ઉપયોગો મળવાપાત્ર થશે.

આપનો વિશ્વાસુ,

(પ્રકાશ દત્તા)

તા. 13 OCT 2020

ખાસ ફરજ પરના અધિકારી અને હોદાની રૂએ નાયબ સચિવ
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

નકલ રવાના પ્રતિ :

પ્રતિ, મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલીકા, સુરત તરફે જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.